
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મહેનતના ફળ મીઠા હોય છે માટે... ડાયાબીટીસ વાળા ભક્તોએ મહેનત કરવી નહી. કથાજ સાંભળવી..!!

# PIVના ઈલેક્ટ્રીકલ વિભાગે ગણતરીના મિનિટોમાં વિજપુવરઠો કાર્યરત કર્યો

## સિવિલમાં ગટરના કામ દરમિયાન J.C.Bથી કેબલ કપાઇ જતા વિજળી ગુલ થઇ હતી

ગાંધીનગર, તા. ૯

સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની હોસ્પિટલના ભોંયતળીએ આવેલી ચાર લીફટ અને ઈલેટ્રીકલ રૂમમાં પાણી ભરાઈ જવાની સમસ્યા છેલ્લા કેટલાક સમયથી હતી. ત્યારે પીઆઈયુ વિભાગ દ્વારા આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવી દેવામાં આવ્યું છે. હાલના સમયે ૬૦૦ બેડમાં ગટરની મરામતનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે જેસીબી દ્વારા કરવામાં આવી રહેલા ખોદકામ દરમિયાન જેસીબીનો હાથો વાગતા ચાર જેટલા કેબલ કપાઈ ગયા હતા. જેથી નવી બિલ્ડીંગના બી વીંગમાં લાઈટ ડુલ થઈ ગઈ હતી. પરંતુ દર્દીઓને કોઈ પણ પ્રકારની તકલીફનો સામનો કરવો ન પડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. પીઆઈયુના ઈલેક્ટ્રીકલ વિભાગની ટીમે રાત્રીના સમયે ગણતરીના સમયમાં કામચલાઉ કેબલ જોડી વિજપુરવઠો કાર્યરત કરી દીધો હતો. જયારે સવારના સમયે ખામી શોધી નિરાકરણ પણ લાવી દેવામાં આવ્યું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગટરના ભરાઈ રહેલા પાણીનો પ્રશ્ન હલ કરવા માટે પીઆઈયુ વિભાગ દ્વારા કમર કસવામાં આવી રહી છે. હાલ ૬૦૦ બેડની હોસ્પિટલમાં બી વીંગમાં ગટરની મરામતનું કામ ચાલી રહ્યું છે. ત્યારે ગતરોજ સાંજના સુમારે જેસીબી મશીનથી આરસીસી તોડવાનું કામ ચાલી રહ્યું હતું. તે સમયે જેસીબીનો હાથો વાગતા ચાર જેટલા કેબલ કપાઈ ગયા હતા.જેથી કેમ્પસની સ્ટ્રીટ લાઈટો બંધ થઈ ગઈ હતી, જયારે બીજો વાયર બોરનો હોવાથી ટાંકીમાં પાણી નહી હોવાથી દર્દીઓ તેમજ સ્ટાફને અગવડતાનો સામનો કરવો પડ્યો હતો. તો બીજીતરફ મેઈન કેબલ પણ તુટી જતા ૬૦૦ બેડની હોસ્પિટલમાં એક તરફની લાઈટ બંધ થઈ ગઈ હતી. જેસીબી થી કેબલ વાયરની ખામી સર્જાયાની જાણ થતા પીઆઈયુ વિભાગની ઈલેક્ટ્રીકલ ટીમ તાત્કાલીક નવી બિલ્ડીંગ તરફ દોડી ગઈ હતી. ગણતરીની મિનીટોમાં કામ ચલાઉ વાયર જોડીને વિજ પુરવઠો કાર્યરત કરી દીધો હતો. જયારે સિવિલમાં રાત્રી દરમિયાન પણ કોઈ ખામી ન સર્જાય તે માટે ઈલેક્ટ્રીકલ વિભાગની ટીમ રાતભર જાગતી રહી હતી. જયારે સવાર પડતા જ ખામી શોધીને બપોર સુધીમાં રીપેરીંગ કામ હાથ ધરી વાયરો જોડી વિજપુરવઠો ધમધમતો કરી દીધો હતો. જુની બિલ્ડીંગમાંથી પણ કેટલાક સ્થળે વીજ સપ્લાય આપવામાં આવ્યો હતો.



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની ખેતીવાડી-ઉત્પાદન અને સહકાર સમિતિની બેઠક ૧૬મીએ યોજાશે.
- વડાપ્રધાનની નવસારી અને અન્ય સ્થાનોની મુલાકાતને પગલે આજે ગાંધીનગર તેમજ ઉ. ગુજરાતની બસોના ઘણા રૂટ કપાઈ જતાં પ્રવાસીઓ હાલાકીમાં મુકાયા હતા.
- ગાંધીનગર શહેરમાં તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાયો છે. જોકે અંશતઃ આકાશ વાદળછાયુ રહેતાં લોકોએ રાહત જરૂર અનુભવી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે કબીર જયંતિની ઉજવણી પ્રાર્થનાઓ કરીને કરાઈ હતી.
- આગામી દિવસોમાં સિનીયર સનદી અધિકારીઓની બદલીનો ગંજીફો ચીપાશે તેવો ગણગણાટ સચિવાલયમાં સાંભળવા મળી રહ્યો છે.
- આગામી ૧૨મી તારીખે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ગાંધીનગરની મુલાકાતે આવી રહ્યા છે. તંત્ર દ્વારા તે અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



ગાંધીનગર,તા.૯

ગાંધીનગર એલસીબી-૨ ટીમના જવાનો કલોલ વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટેની કામગીરીમાં વ્યસ્ત હતા. તે સમયે એએસઆઈ જોગીન્દરસિંહ મહેરસિંહ અને કીરીટકુમારને સંયુકત રીતે બાતમી મળી હતી કે કલોલ પોલીસ મથકમાં નોંધાયેલા શરીર સંબંધી ગુનામાં નાસતો ફરતો આરોપી વનરાજસિંહ રતુજી પરમાર (રહે સોજા ગામ તા કલોલ) પોતાના ઘરે હાજર છે તેવી બાતમી હ્યુમન સોર્સથી મળી હતી. જેથી પોલીસે વોચ ગોઠવી વનરાજસિંહ પરમારને પકડી પાડી કલોલ પોલીસને સોંપવા માટે તજવીજ હાથ ધરી હતી. ઉલ્લેખયનીય છે કે વનરાજસિંહ પરમાર આર્મીમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. એકાદ વર્ષ પહેલા રજા પર આવ્યો હતો. ત્યારબાદ રજા પરથી નોકરી પર પરત હાજર થયો ન હતો. તે ગામની આસપાસના ખેતરોમાં ભટકતો હતો.

## છેલ્લા બે વર્ષથી નાસતા-ફરતા આરોપીને એલસીબી-૨ એ ઝડપી પાડ્યો



ગાંધીનગર, તા.૯

અડાલજ પોલીસ મથકના પ્રોહીબિશનના ગુનામાં બે વર્ષથી નાસતા ફરતા આરોપીને નાના ચિલોડાથી એલસીબી-૨ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસવડા તરૂણ દુગ્ગલ દ્વારા પ્રોહીબિશનના ગુનાઓમાં સંડોવાયેલ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે તેમના આશ્રય સ્થાનો પર કોમ્બીંગ હાથ ધરવા માટે એલસીબી-૨ ને જરુરી સુચના આપી હતી. જે અન્વયે એલસીબી પીઆઈ જે.એચ.સિંધવ અને એચ.પી.પરમારના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા સહિત સ્ટાફના કર્મચારીઓની વિવિધ ટીમો બનાવી કામગીરી કરી રહ્યા હતા. ત્યારે એલસીબી-૨ પોલીસની ટીમ અડાલજ પોલીસ મથક વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓની સ્થાનિક હ્યુમન સોર્સથી માહિતી મેળવી રહ્યા હતા. તે સમયે એએસઆઈ કિરીટકુમાર ને બાતમી મળી હતી કે અડાલજ પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો આરોપી રવિ દિલિપભાઈ લાલવાણી (રહે. ભગવતીનગર એપાર્ટમેન્ટ સી-૪ રૂમ નં.૧૩ નાના ચિલોડા) ને તેના ઘરેથી દબોચી પાડી કાયદેસરની કાર્યવાહી કરી અડાલજ પોલીસ મથકને સોંપવા માટે તજવીજ હાથ ધરી છે.

## મગોડીમાં આતંક મચાવતો વાનર આખરે પાંજરે પૂરાયો

**વનવિભાગ અને કલોલની સદ્‌ભાવના ટીમે ભારે જહેમત ઉઠાવી ઓપરેશન પાર પાડ્યું : ૭ લોકોની ટીમ-ત્રણ કલાકની મહેનત રંગ લાવી**



ચિલોડા, તા. ૯

મગોડી ગામમાં વાનરે છેલ્લા કેટલાક દિવસથી આતંક મચાવ્યો હતો અને ગામમાં કેટલાક લોકોને બચકાં ભરી ઘાયલ કર્યા હતા. ત્યારે આખરે વન વિભાગની ભારે જહેમત બાદ તેને પાંજરે પૂરાયો હતો. ગઈકાલે એક વ્યક્તિને ઘાયલ પણ કર્યો હતો. તેને પકડવા કલોલથી સદ્‌ભાવના ટીમને પણ બોલાવવામાં આવી હતી. આ પહેલા પણ એક વાનર પાંજરે પૂરાયો હતો. આ ઓપરેશન બાદ વાનર પકડ ટીમની કામગીરી નિહાળવા ગ્રામજનો ઉમટ્યા હતા.


ગુજરાત સરકાર
આઝાદી નો અમૃત મહોત્સવ

# દેશનો છે નિર્ધાર

## ડિજિટલ સેવાઓ થકી ૧૦૦% લોકોને બનાવવા છે સશક્ત

- જનધન-આધાર-મોબાઈલ (JAM) દ્વારા વચેટિયાઓ અને બનાવટી અરજદારોને નાબૂદ કરાયા : રૂ. ૨૨.૭૭ લાખ કરોડથી વધુ સીધા લાભાર્થીના ખાતામાં પહોંચ્યા
- 'એક રાષ્ટ્ર, એક રાશનકાર્ડ' હેઠળ દેશભરની ૫.૩૭ લાખ રાશનની દુકાનોમાંથી કોઈની પણ પાસેથી રાશન લેવાની સુવિધા
- સ્વામિત્વ યોજના હેઠળ, ડ્રોન ટેક્નોલોજી વડે ૧.૪૫ લાખ ગામોમાં જમીન સર્વેક્ષણ પૂર્ણ, ૪૪ હજારથી વધુ ગામોમાં ૭૫ લાખ પ્રોપર્ટી કાર્ડ ઈસ્યુ કરાયા
- ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં ભારત વિશ્વમાં અગ્રેસર, યુપીઆઈથી અત્યાર સુધીમાં રૂ.૧૭૭ લાખ કરોડના વ્યવહાર થયા
- ડિજિટલ જરૂરિયાતોને પહોંચી વળવા માટે ૪.૯૪ લાખ કોમન સર્વિસ સેન્ટર કાર્યરત કરાયા
- પેન્શનરોને કોઈપણ મુશ્કેલી વિના ૫.૭૦ કરોડથી વધુ ડિજિટલ જીવન પ્રમાણપત્ર આપવામાં આવ્યા
- ઝડપી ઈન્ટરનેટ કનેક્ટિવિટી માટે ૧.૭૮ લાખ ગામ ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક સાથે જોડાયા, કુલ ૫.૭૪ લાખ કિ.મી. ઓપ્ટિકલ ફાઈબર કેબલનું જોડાણ
- GeM પોર્ટલથી સરકારી ખરીદીમાં આવી પારદર્શિતાઃ રૂ.૨.૫૭ લાખ કરોડની મોટા પાયે ખરીદી
- Co-WIN પ્લેટફોર્મે લોકો માટે કોવિડ રસીકરણ સરળ બનાવ્યું
- ડિજિલોકરમાં ૧૧ કરોડ નાગરિકોની નોંધણી થતાં કાગળના દસ્તાવેજો સાથે રાખવાની જરૂરિયાત થઈ દૂરઃ ૫.૧ અબજથી વધુ દસ્તાવેજ આપવામાં આવ્યા







"આત્મનિર્ભર ભારતના સંકલ્પને ડિજિટલ ઈન્ડિયા દ્દઢતા પૂર્વક સાર્થક કરી રહ્યું છે. ડિજિટલ ઈન્ડિયા એવા લોકોને માળખાકિય સુવિધાઓ સાથે જોડી રહ્યું છે કે જેની કલ્પના પણ તેમણે ક્યારેય કરી ન હતી. ડિજિટલ ઈન્ડિયા ૨૧મી સદીમાં સશક્ત થતા ભારતનું સ્વરૂપ છે."

-નરેન્દ્ર મોદી-

૮ વર્ષ સેવા, સુશાસન, ગરીબ કલ્યાણના